# બી. કૉમ. (Fresh) સેમેસ્ટર-૧ પરીક્ષા-નવેમ્બર ૨૦૧૮
# ગુજરાત યુનિવર્સિટી ઍક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચનાઓ

## પોસ્ટ ઑફિસ માટે અગત્યની સુચનાઓ

- નિયત ફી/લેઇટ ફી સાથે પરીક્ષા ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૭-૦૮-૨૦૧૮ છે.
- ફોર્મમાં નામ ધોરણ ૧૨ના ગુણ પત્રક મુજબ જ લખવું.
- કોમર્સ વિષય સાથે ધોરણ ૧૨ પાસ કરેલ હોય તો જ બી.કૉમ.માં પ્રવેશ મળી શકશે.
- ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે. (ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે.)
  - ૧) ધોરણ ૧૨ કોમર્સનાં ગુણપત્રકની સ્વ-પ્રમાણિત નકલ,
  - ૨) ઑર્ડિ. ૧૭૪-ડી મુજબ જણાવેલી વ્યક્તિઓ પૈકી ગમે તે એક વ્યક્તિના જ સહી-સિક્કા પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ સ્થળે તમારી સહી સાથેના તેમજ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ઉપર કરાવવા. જો સહી-સિક્કા ન કરાવી શકાય તો તેની અવેજીમાં વિદ્યાર્થીએ પોતાના ફોટાની ઓળખ માટે નીચેની યાદીમાંથી કોઈ પણ એકની નકલ રજૂ કરવાની રહેશે. (ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, આધાર કાર્ડ અથવા ફોટો-વાળી ધો. ૧૨ પરીક્ષાની રસીદની નકલ.)
  - ૩) શાળા છોડ્યાનું પ્રમાણપત્રની નકલ/કોલેજનું **અસલ** ના-વાંધા પ્રમાણપત્ર (NOC),
  - ૪) અન્ય બોર્ડ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે **અસલ** માઇગ્રેશન પ્રમાણપત્ર રજુ કરવું ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓ બીજા બોર્ડમાંથી આવતા હોય તેમણે જે તે બોર્ડમાંથી **અસલ** માઇગ્રેશન/ટ્રાન્સફર સર્ટિફિકેટ ફોર્મની સાથે જ રજૂ કરવું જરૂરી છે. ત્યાર બાદ જ રજિસ્ટ્રેશન અંગે ઘટતી આગળની કાર્યવાહી થાય છે, જેની નોંધ લેશો.
  - ૫) છેલ્લો અભ્યાસ કર્યા પછી, રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ સુધીમાંજો એક વર્ષ કેતેથી વધુ સમય સુધી આગળ અભ્યાસ કરેલ ન હોય તો રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર **" આગળ અભ્યાસ કરેલ નથી"** તે બાબતનું સોગંદનામું રજુકરવુ.
- **ઉપરોક્ત દર્શાવેલ નિયમમાં કોઇ જ અપવાદ નથી તેની ખાસ નોંધ લેવી. આ મુજબ કર્યેથી જ સેમેસ્ટર ૧ની પરીક્ષા માટે નામ નોંધી શકાશે તેની નોંધ લેશો.**
- બી.એ/બી.કૉમ. સેમેસ્ટર-૧ માટે ફી
  - ૧. ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ માટે
    - ફોર્મ ફી — રૂા. ૫૦/-
    - પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત — રૂા. ૮૧૦/-
    - કુલ — રૂા. ૮૬૦/-
  - ૨. ગુજરાત યુનિવર્સિટી સીવાયના વિદ્યાર્થીઓ માટે
    - ફોર્મ ફી — રૂા. ૫૦/-
    - પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત — રૂા. ૮૧૦/-
    - એલીજીબ્લિટી ફી — રૂા. ૧૧૦/-
    - કુલ — રૂા. ૯૭૦/-